# જીગ્નેશ મેવાણીનું સસ્પેન્શન પરત ખેંચવા આવેદન અપાયું

## બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા કલેકટર કચરીએ રજુઆત

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીને વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવતાં બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા કલેકટર કચરીએ રજુઆત કરી સસ્પેન્ડશન પરત ખેંચવા માંગ કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન દ્વારા કલેકટર કચરીએ કરાયેલી રજુઆતમાં જણાવાયું હતું કે, વિધાનસભા સત્રમાં વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ દલિત સમાજ તેમજ સરકારની નિષ્ફળતા બાબતે વિરોધ કરતાં તેઓને ગેર બંધારણીય રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.લોકશાહીમાં અવાજ ઉઠાવવો એ ગુનો નથી.તેઓનો અવાજ રોકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. વિધાનસભામાં બોલવા ન દેવાનું કાવતરૂ રચવામાં આવે છે.ત્યારે તેઓનું સસ્પેન્ડશન તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે તેવી માંગ છે.

### સરહદી વિસ્તારમાં જમીન મુદ્દે પણ રજુઆત

વાવ, થરાદ, સુઈગામ તાલુકાના રહેઠાણ પ્લોટ, સ્મશાન ભૂમિ, જમીન ટોચ મર્યાદાના લાભાર્થીઓને કબ્જા સુપ્રત તેમજ નવીન જમીન માંગણીના લાભાર્થીઓને જમીન ફાળવવા પણ રજુઆત કરવામાં આવી હતી.




## ડીસામાં કમોસમી માવઠાથી વાવેતરને વ્યાપક નુકશાન

હવામાંન વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં ગુરુવારે વરસાદની આગાહીના પગલે ડીસા તાલુકામાં વરસાદી કમોસમી માવઠું થયુ હતું સાંજના સુમારે એકા એક ગાજવીજ સાથે વરસાદી છાંટા પડતા વાતાવરણ ઠંડુંગાર થઈ જવા પામ્યું હતું જેના કારણે ઠંડીમાં પણ વધારો થવા પામ્યો હતો ચાલ વર્ષે સતત કમોસમી વરસાદના પગલે ખેતીના પાકો ને નુકસાન થવાની સાથે બીમારીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે તેમ છતાં હજુ સુધી વરસાદી માવઠા પડી રહ્યા છે ગઈકાલે ખાબકેલા માવઠાથી શિયાળુ વાવેતરનો સોથ વળી ગયો હતો કુદરતના વધુ આ કહેરને લઈ ધરતીપુત્રોના જીવ અધ્ધર થઈ જવા પામ્યા હતા.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર મહેસૂલ કર્મચારીઓની હડતાળના પગલે જનસેવા કેન્દ્રની ઓચિંતી મુલાકાત

અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા ૧૧૯ કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે. સતત ચોથા દિવસે મહેસૂલ વિભાગના કર્મચારીઓની હડતાળ યથાવત રહેતા જીલ્લા સેવાસદનમાં કામકાજ અર્થે આવતા અરજદારોના કામકાજ અટકે નહિ અને પ્રજાજનો, અરજદારોને પડતી હાલાકીનો ચિતાર મેળવવા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જનસેવા કેન્દ્રની ઓચિંતી મુલાકાત કરી હતી અને જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલી વિવિધ કચેરીઓની પણ મુલાકાત કરી કામકાજ અર્થે આવેલા અરજદારો સાથે વાર્તાલાપ કરી અરજદારોના મનની વાત જિલ્લા કલેક્ટરને કરતા તેમના સમાધાન માટે અધિકારીઓને સૂચન કર્યું હતું.

સામાન્ય રીતે મામલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર ખાતે અરજદારોને હાલાકીઓ પડતી હોય છે, પણ જનતાની હાલાકીઓને સમજવા માટે જો અધિકારી સ્થળ પર પહોંચે તો ખ્યાલ આવે. બસ આવું જ કંઈક અરવલ્લી જિલ્લા કલેક્ટરે કર્યું. અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર આજે મોડાસાના મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતે ઓચિંતી મુલાકાત કરી હતી. જ્યાં પ્રજાને પૂરી પાડવામાં આવતી સેવાઓ અંગે માહિતી મેળવી હતી.



# સાબરકાંઠા જિલ્લાના રૂપાલ પંથકના પપૈયાનું દિલ્હી-મુંબઈની બજાર મંડીમાં ધૂમ વેચાણ

## ગત વર્ષની સરખામણીએ પ્રતિ મણના ભાવમાં ૨૦૦ થી ૩૦૦ વધારો

ભિલોડા, તા. ૧૨

ખેતીક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આવી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો ચીલાચાલુ પાકોને ચકમો આપી ઓછી મહેનતે વધુ ઉત્પાદન અને વધુ દામ આપતા બાગાયતી પાકોના વાવેતર તરફ વળ્યા છે. હિંમતનગર તાલુકામાં પપૈયાનો હબ ગણાતા રૂપાલ પંથકમાં મોટેપાયે પકવતા પપૈયાઓ દિલ્હી અને મુંબઈની બજાર મંડીઓમાં વેચાઈ રહ્યા છે.

રૂપાલ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક વર્ષોથી પપૈયામાં વધુ ઉત્પાદન આપતા તાઈવાન-૭૮૬ પપૈયાની ખેતી ખેડૂતો અપનાવી રહ્યા છે. આ અંગે રૂપાલના પ્રગતિશીલ ખેડૂત હાર્દિકભાઈ પટેલ અને રાજેશભાઈ પટેલ જણાવે છે કે દસ માસની મુદતના ગાળાના આ પપૈયા પાકમાં વીઘે સરેરાશ આઠસોથી પંદરસો મણ પપૈયાનો પાક ઊતરે છે. આમ માત્ર ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી થતી. આ પપૈયાની ખેતીમાં વેપારીઓ ખેતરમાં ઉભા પાકના સોદા કરી લઈ જતા હોઈ ખેડૂતોને માલ સંગ્રહ કરવાની કે બજારમાં વેચાણ માટે જવું પડતું નથી. પપૈયાનું માર્ચ અથવા એપ્રિલ મહિનામાં વાવેતર કરવામાં આવે છે. છ માસ બાદ પાક તૈયાર થતાં પપૈયાંના પાકને ખરીદવા રાજકોટ, ઉદયપુર અને દિલ્હી-મુંબઈના વેપારીઓ છેક ખેતર સુધી આવે છે અને ફળ જોઈને ઊભા પાકનો સોદો કરી આ પપૈયાને દિલ્હી અને મુંબઈની બજાર મંડીઓમાં તેમજ અન્ય રાજ્યોની બજારમાં વેચાણ અર્થે મોકલતા હોય છે.



ગત વર્ષે એક મણનો બજાર ભાવ રૂ.૧૦૦ થી રૂ.૨૦૦ રહ્યો હતો. પરંતુ ચાલુ વર્ષે કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે પપૈયા પાકને થયેલા નુકશાનથી અછત સર્જાવાના કારણે પાકની ગુણવત્તા મુજબ એક મણના રૂ.૪૦૦ થી રૂ.૫૦૦ બજારભાવ રહેતા ખેડૂતોને થયેલ નુકશાન સામે યોગ્ય વળતર મળી રહેશે એમ ખેડૂતવર્ગ માની રહ્યો છે.



# અંબાજી પોલીસની દબંગાઈ

## નો પાર્કિંગના નામે અંબાજી પોલીસ દ્વારા આખો રસ્તો બંધ કરી દેવાયો

અંબાજી, તા. ૧૨

યાત્રાધામ અંબાજીમાં વર્ષે દહાડે લાખો શ્રધ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. દર્શનાર્થે આવતા માઈ ભક્તોને કારણે અંબાજીના વેપારીઓ ધંધો રોજગાર કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે, પરંતુ અંબાજી પોલીસ જાહેરનામાના નામે રસ્તાઓ બંધ કરીને મનમાની કરી રહી છે જેથી વેપારીઓમાં રોષ જોવા મળી રહયો છે.

અંબાજી મંદિરના શક્તિદ્વારની સામેથી સ્ટેટ હાઈવે પસાર થાય છે અને આ રોડ ઉપર રહેવાની તથા જમવાની હોટલો, પૂજાપાની દુકાનો, રમકડાની દુકાનો, પાર્લર, રેસ્ટોરેન્ટ, કપડાં તેમજ પેસેન્જરને લગતી વિવિધ પ્રકારની ઘણી બધી દુકાનો આવેલી છે. આ બધી દુકાનોનો વેપાર-ધંધો અહીંથી અવરજવર કરતાં દર્શનાર્થી પેસેન્જર પર નિર્ભર રહે છે. આ રસ્તાને અંબાજી પોલીસ દ્વારા બેરીકેટ લગાવીને સંપૂર્ણ બંધ કરી દેવાતા વેપારીઓના દુકાનોના ધંધા-રોજગાર બંધ જેવી હાલતમાં થઈ ગયા છે. પોલીસ દ્વારા હાઈવે રોડને નાનો કરી દેવાયો છે તેમજ બાકીનો રોડ બંધ કરી દીધો છે.

કલેકટર દ્વારા ખોડિવડલી સર્કલથી જુના નાકા સુધીનો પાર્કિંગમાં માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે જેનું પોલીસ દ્વારા ખોટું અર્થઘટન કરીને દુકાનદારો, વેપારીઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. કલેકટરનું જાહેરનામું રોડ ઉપર વાહનો નહિં ઉભા રાખવા માટેનું છે, પરંતુ પોલીસ રોડની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યા કે જે વેપારીઓની દુકાનોની આગળ આવેલી છે ત્યાં પણ દર્શનાર્થીઓના વાહનો ઉભા રાખવા દેતા નથી. જે બિલકુલ યોગ્ય નથી અને જાહેરનામાનો ખોટું અર્થઘટન કરી ગેરઉપયોગ છે.

પોલીસ ટ્રાફિક સમસ્યા દૂર કરવાના બદલે આવા ખોટા ઉધામા કરી પ્રજાને હેરાન પરેશાન કરે છે. ટ્રાફિક સમસ્યા હલ કરવી એ પોલીસની જવાબદારી છે પરંતુ વેપારીઓના વેપાર-ધંધાના ભોગે નહી. અહી તો પોલીસ આખો રસ્તો બંધ કરીને જવાબદારીમાંથી છટકી રહી છે.

પોલીસ દ્વારા બે રોડની વચ્ચે આવેલા જીબ્રા ગાર્ડ (કે જેને ખરેખર બંધ કરી શકાય નહી)ને પણ મનસ્વીપણે બંધ કરીને દર્શનાર્થી અને લોકલ પ્રજાને પણ હેરાન પરેશાન કરવામાં આવી રહી છે.

જાહેરનામું રોડની બંને બાજુએ લાગતું હોવા છતાં પોલીસ દ્વારા એક જ રોડ ઉપર અને અમુક વિસ્તારમાં અમલ કરાવી, હેરાનગતિ કરવામાં આવી રહી છે એનું શું કારણ હોઈ શકે એવું લોકોમાં ચર્ચાસ્પદ બન્યું છે.




## ધાનેરા વાલ્મિકી વાસમાં રહેતા વૃદ્ધાનું ઠંડીમાં ઠુંઠવાઈ જતાં મોત

ધાનેરા

બનાસકાંઠા જિલ્લામાં હાડ થીજાવતી ઠંડીનો પ્રારંભ થઇ ગયો છે. ત્યારે ધાનેરા પાસે એક વૃદ્ધાનું ઠંડીમાં ઠુંઠવાઈ જતાં મોત નિપજ્યું હતું. બનાવની વિગત એવી છે કે ધાનેરા નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે કામ કરતા અને ધાનેરાના વાલ્મિકી વાસમાં રહેતા રામાભાઈ પરમારે ધાનેરા પોલીસ મથકે નોંધાવેલી અકસ્માતે મોતની ફરીયાદમા જણાવવામાં આવ્યું છે કે ૭૫ વર્ષીય ધુળીબેન વાલ્મિકી (રહે.વાલ્મીકી વાસ,ધાનેરા) ઠંડીના કારણે મૃત્યુ પામ્યા હોવાનું જણાવતાં ધાનેરા પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## થરાદના ડુવામાં અમારા વિરૂદ્ધ ફરિયાદ કેમ આપી કહી માર માર્યો

થરાદ

બનાસકાંઠા જિલ્લાના થરાદ પોલીસ મથક વિસ્તારમાં આવેલા ડુવા ગામે રહેતા મોનીબેન બાજક દ્વારા તેમના ગામના રડમાભાઈ ડાંગી અને અરવિંદભાઈ ડાંગી સામે થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, ઉપરોક્ત સમયે ફરિયાદી મોનીબેનને કહેલ કે ધાનેરા પોલીસ સ્ટેશનમાં અમારા વિરૂદ્ધ કેમ ફરિયાદ આપેલ છે અને તમારી દીકરીને કેમ ધાનેરા રાખો છો. તેમ કહી અપશબ્દો બોલી મોનીબેન સાથે આવેલા પિન્ટુભાઈને ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ થરાદ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## અમીરગઢના ગઢડામા ખેતરમાથી રૂ.૮૬ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અમીરગઢ તાલુકાના ગઢડા ગામે ખેતરમાંથી વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી લઈ વધુ તપાસ ધરી છે. બનાવની વિગત એવી છે કે અમીરગઢ તાલુકાના આવલ ગામના વાદળસિહ ડાભીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી-૧૨, કુલ બોટલ નંગ-૫૭૬, કિંમત રૂ.૮૬,૪૦૦ નો મુદામાલ પોપટજી રાજપૂત (રહે.ગઢડા, તા.અમીરગઢ) વાળાના માલિકીના ખેતરના તેમની જાણ બહાર પાણીના ટાંકા પાસે સંગ્રહ કરવા ઉતારી પોલીસ રેડ દરમિયાન આ દારૂ ઝડપાઈ જતાં વાદળસિહ ડાભી સામે અમીરગઢ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મેઘરજમાં ટેકાના ભાવથી મગફળીની ખરીદી મામલે આક્ષેપ

મેઘરજ, તા. ૧૨

મેઘરજમાં મગફળીના ખરીદ સેન્ટર ઉપર ખેડૂતો પાસેથી મજૂરીના નામે રૂપિયા ઉઘરાવવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠી છે. જેના પગલે તંત્રમાં ખળભળાટ મચ્યો છે. આ સેન્ટર ઉપર બોરી દીઠ ખેડૂતો પાસેથી મજૂરીના રૂપિયા વસૂલ કરવામાં આવે છે. એક બોરીએ ખેડૂત પાસેથી ત્રણ રૂપિયા લેખે મજૂરી વસૂલવામાં આવતી હોય ખેડૂત આલમમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. સરકારે દરેક ખરીદ કેન્દ્ર ઉપર કોન્ટ્રાક્ટ આપી મજૂરો મુક્યા છે અને નાણાં પણ ચુકવવામાં આવી રહ્યા છે તેમ છતાંય આ વિસ્તારની ભોળી જનતા પાસેથી મજૂરીના નામે રૂપિયા ઉઘરાવવામાં આવી રહ્યા હોય ખેડૂતો સાથે થઈ રહેલી લૂંટ બદલ ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે. આ સેન્ટર ઉપર ખેડૂતો પાસેથી બોરી દીઠ ૩૦૦ થી ૪૦૦ ગ્રામ વધારાની મગફળી પણ લેવામાં આવતી હોવાની ફરિયાદો થઈ છે ત્યારે તંત્ર દ્વારા ક્યારે તપાસ હાથ ધરી કસુરવારો સામે પગલાં ભરવામાં આવે છે તે ચર્ચાનો વિષય બન્યો છે.

ખેડૂતોને જાણે દંડાવાનું જ લખ્યું હોય તેમ બિયારણ વાવવાથી માંડીને પાક તૈયાર થઈને વેચાણમાં જાય ત્યાં સુધી માત્રને માત્ર લૂંટાતા હોવાના કિસ્સાઓ સામે આવે છે. પ્રથમ તો મોંઘાદાટ બિયારણો, દવાઓ ખરીદીને ખેડૂત વાવણી કરે છે. બાદમાં મહા મહેનતે રાત દિવસ એક કરીને પાક તૈયાર કરે છે. સાથે કુદરત પણ રૂઠે તો પાકમાં નુકશાની પણ જાય છે. ત્યારે પાક તૈયાર થઈને બજારમાં વેચાવા જાય ત્યાં પણ લૂંટાતા હોવાના કિસ્સાઓ સામે આવે છે. મેઘરજ એપીએમસી ખાતે શરૂ કરવામાં આવેલ મગફળી ખરીદ કેન્દ્ર ઉપર છેલ્લા એકાદ અઠવાડીયાથી સરકાર દ્વારા થઈ રહેલ ખરીદીમાં ખેડૂતો પાસેથી મજૂરીના રૂપિયા વસૂલવામાં આવી રહ્યા છે. ૩૦ કિલોની એક બોરી દીઠ ખેડૂત પાસેથી ત્રણ રૂપિયા લેખે મજૂરી લેવામાં આવે છે. બીજી તરફ લાચાર ખેડૂતો મગફળી વેચાય તે માટે રૂપિયા ચુકવી પણ રહ્યા છે.

મગફળીના ખરીદ કેન્દ્રો ઉપર સરકારે મજૂરીના કોન્ટ્રાક્ટ આપેલા છે. માલ તોલવાથી માંડીને બોરીઓ ભરવા સુધીની કામગીરી માટે સરકાર મજૂરી ચુકવે છે તેમ છતાંય મેઘરજના ખરીદ કેન્દ્ર પર ખેડૂતોને લૂંટવામાં આવી રહ્યા છે. જેના કારણે તાલુકાભરના ખેડૂતોમાં રોષ ઉભો થયો છે. આ અંગે ખેડૂતોએ રોષ ઠાલવતાં જણાવ્યું હતું કે એક તરફ મજૂરીના પૈસા વસૂલવામાં આવે છે બીજી બાજુ આ ખરીદ કેન્દ્ર ઉપર બોરી દીઠ ૩૦૦ થી ૪૦૦ ગ્રામ વધારાની મગફળી પણ લેવામાં આવી રહી છે. જેના કારણે ખેડૂતો બધી બાજુથી લૂંટાઈ રહ્યા છે. આ અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી ખેડૂતોને લૂંટતા બચાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.





## બનાસ ડેરીને મળ્યો ફૂડ સેફ્ટી એવોર્ડ

ગઈકાલે દિલ્હી ખાતે ભારત સરકારની FSSAI અને CIIના સંયુક્ત ઉપક્રમે ફૂડ સેફ્ટી, ગુણવત્તા અને નિયમનકારીની સમિટ યોજાઈ હતી. આ સમિટમાં દેશની ૧૮૦૦ જેટલી ઉદ્યોગ જગતની સંસ્થાઓમાં જે ખાદ્ય ચીજવસ્તુઓ સાથે સંકળાયેલી હોય તેમાં ફૂડ સેફ્ટી અને ગુણવત્તા જેવી બાબતોની ભારત સરકારની FSSAI અને CII દ્વારા વર્ષ દરમિયાન ચકાસણી કરવામાં આવતી હોય છે અને આ સમિટમાં તે ધારાધોરણોને પરિપૂર્ણ કરતી હોય તે સંસ્થાની પસંદગી કરવામાં આવતી હોય છે. FSSAI અને CIIના ધારાધોરણ મુજબની કામગીરીને કારણે સમગ્ર દેશમાંથી ડેરી ઉદ્યોગમાં ઉચ્ચ ગુણવત્તા માટે જાણીતી બનાસ ડેરીની ફૂડ સેફટી માટે પસંદગી કરવામાં આવતા ભારત સરકારના FSSAI અને CII પવનકુમાર અગ્રવાલના વરદ્ હસ્તે બનાસ ડેરીને એવોર્ડ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. ચેરમેન શંકરભાઈએ જણાવ્યું હતું કે આ એવોર્ડ જિલ્લાના સાડા ચાર લાખ પશુપાલકોની અથાગ મહેનત અને કર્મચારીઓની શ્રેષ્ઠ કામગીરીનું પરિણામ છે અને આવનાર સમયમાં પણ દેશ અને દુનિયાને શ્રેષ્ઠ ગુણવત્તાવાળા દૂધ ઉત્પાદનો પુરા પાડવા પ્રતિબદ્ધ છીએ.

## ભ્રષ્ટાચાર અટકાવવા વાહનો પાછળ ટોલ ફ્રી નંબરો લગાવાયા

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે સોમવારે લાંચ રૂશ્વત વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નાગરિકોને એસીબીની કાર્યપદ્ધતિથી વાકેફ કરી ભ્રષ્ટાચારને નાબૂદ કરવા એસીબીને મદદ કરવા અપીલ કરાઈ હતી. તેમજ આમ લોકો પણ ભ્રષ્ટાચાર કરનારા લોકોને ખુલ્લા પાડી શકે તે માટે ફરિયાદ નોંધાવવા માટેના ટોલ ફ્રી નંબરો વાહનોની પાછળ લગાવવામાં આવ્યા હતા. ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનું કામ કરતા એસીબી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જ્યાં સોમવારે દેશભરમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર સ્થિત કચેરીએ સોમવારેલાંચ રૂશ્વત વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નાગરિકોને એસીબીની કાર્યપદ્ધતિથી વાકેફ કરી ભ્રષ્ટાચારને નાબૂદ કરવા એસીબીને મદદ કરવા અપીલ કરાઈ હતી. ભ્રષ્ટાચાર કરનારા લોકોને ખુલ્લા પાડી શકે તે માટે ફરિયાદ નોંધાવવા માટેના ટોલ ફ્રી નંબરો વાહનોની પાછળ લગાવવામાં આવ્યા હતા.

# ધનસુરા પ્રાથમિક શાળા નંબર-૨ના તાળા તૂટ્યા

ધનસુરા, તા. ૧૨

ધનસુરાની પ્રાથમિક શાળા નંબર- ૨ માં ૧૧-૧૨-૨૦૧૯ના રોજ રાત્રે અજાણ્યા શખ્સો ધ્વારા શાળાને ટાર્ગેટ બનાવી ઓફિસનું તાળું તોડી તિજોરીમાં રહેલા અગત્યના દફ્તર બહાર કાઢી નુકશાન પહોંચાડ્યું હતું તેમજ બાજુના રૂમનું તાળું તોડી ફર્નિચર તેમજ શાળાના સાહિત્યને પણ નુકશાન પહોંચાડ્યું હતું અને શાળાના અગત્યના દસ્તાવેજો અને જરૂરી વસ્તુઓ હોય એવી તિજોરીઓ પણ તોડી હતી. આ અગાઉ પણ આ શાળાને ટાર્ગેટ બનાવી તાંબા-પિત્તળના વાસણો ચોરી ગયેલ છે. આમ અજાણ્યા શખ્સો ધ્વારા વારંવાર શાળાને ટાર્ગેટ બનાવી શાળાની અગત્યની વસ્તુઓની ચોરી કરેલ છે. ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. વારંવાર થતા આવા બનાવોને લઈ પોલીસ ધ્વારા પેટ્રોલિંગ વધારવામાં આવે તેમ ગ્રામજનોએ માંગણી કરી હતી.

